જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૯/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૯૩૨/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૨૪૬ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી, રોકડ રૂપિયા ૧૦,૨૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૩૩/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૩૪/૧૭</u>**

**વટવા** : હાર્દીકભાઇ રમેશચંન્દ્ર જોષી (ઉ.વ.૩૨)(રહે,ઓમશાંતિ રો-હાઉસ & બંગ્લોઝ અયોધ્યા એપાર્ટમેંટની બાજુમાં કેનાલરોડ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૯/૧૭ રાતનાં ૧૨/૦૦ થી તા.૧૭/૯/૧૭ ના કલાક ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બાલ્કનીમાંથી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી મોબાઇલ નંગ-૨ અને સોનાની પેડલ સાથેની ચેઇન મળી કુલ કિંમત રૂપિયા ૨૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સર્વેલન્સ સ્કોર્ડ નાઓ ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૩૫/૧૭</u>**

**નરોડા** : માનસિંગ લાલચંદ ચૌહાણ (ઉ.વ.૪૭)(રહે,વિ-૧૦ પાશ્વનાથ ટાઉનશીપ નવા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૯/૧૭ નાં કલાક ૧૧/૩૦ વાગ્યાનાં સુમારે જય અંબે ગેરેજ, ગેલેક્ષી સિનેમાની સામે થી સુભાષ ટી સ્ટોલ આવતી વખતે રસ્તામાં માનસિંગ નાઓ ચા પીવા ઉભા હતા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ તેમની બાઇકની ડેકીમા મુકેલ બેગ કે જેમા રોકડા રૂપિયા ૭૫૦૦૦/- તથા બીજા જરૂરી દસ્તાવેજો હતા તે બેગની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૯૩૬/૧૭**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન** : શૈલેશભાઇ રમેશભાઇ પટેલ (ઉ.વ.૨૮)(રહે,માનસરોવર સોસાયટી, આયોજનનગર, વંદેમાતરમ રેસીડન્સી ફ્લેટની પાછળ, વટવા જી.આઇ.ડી.સી.) એ "જી" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૯/૧૭ નાં કલાક ૧૧/૧૫ વાગ્યાનાં સુમારે હાથીજણ સર્કલથી અસલાલી જવાના રોડ ઉપર આવેલ માત્રુવાટીકા ફ્લેટની સામે રોડ ઉપર આઇશર ગાડી નંબર જીજે.૨૭.યુ.૦૬૬૪ ના અજાણ્યા ચાલકે પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, શૈલેશભાઇનો ભાણીયો હાર્દીક જીતેન્દ્રકુમાર પટેલ (ઉ.વ.૦૬) ને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં હાર્દીકનું સ્થળ ઉપર મૃત્યુનિપજ્યુ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.કે.ગોસ્વામી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૯૩૭/૧૭**

**જી.આઇ.ડી.સી.વટવા** : વિનોદભાઈ ચિમનભાઈ વાણીયા (ઉ.વ.૨૨)(રહે,ગોપાલકૃષ્ણ કોલોની જશોદાનગર) એ કોઈ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૧૭ ના કલાક ૪/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સંગીતા ડેકોરેશન ના ઉપરના માળે ખુલ્લા સિમેન્ટનાંપતરાવાળા શેડની લોખંડની એંગલે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે જી.આઇ.ડી.સી. વટવા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.